


# સેક્ટર-૨૨ શ્રેયસ સોસાયટીમાં વૃક્ષારોપણ દ્વારા વન દિન ઉજવ્યો

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર સે. ૨૨માં આવેલ શ્રેયસ સોસાયટીના રહીશોએ આજે તેમના વિસ્તારમાં આવેલ બગીચામાં ૧૦૦ જેટલા વૃક્ષોનું વૃક્ષારોપણ કરી વિશિષ્ટ વનદિનની ઉજવણી કરી હતી.

સોસાયટીના પ્રમુખ શ્રી મણિભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે બગીચામાં આજે રોપવામાં આવેલ વૃક્ષોની માવજત જે તે રહીશ દ્વારા જ કરવામાં આવશે. આ સોસાયટીના રહીશોએ વૃક્ષોની માવજત અને ઉછેર માટે વૃક્ષોને દત્તક લીધા છે.

તેમણે વૃક્ષોની પસંદગીમાં પણ રહીશને અગ્રતા આપવામાં આવી હોવાનું જણાવ્યું હતું.

આ વન દિનની ઉજવણીમાં બે થી ત્રણ વર્ષની આયુ ધરાવતા વૃક્ષો વાવવામાં આવ્યા હતા. આ વૃક્ષોની વ્યવસ્થા પણ સોસાયટીના જ શ્રી રમેશભાઈ કરી હતી. આ પ્રસંગે વોર્ડ નં. ૪ના કાઉન્સીલરો શ્રી પ્રવિણભાઈ પટેલ, શ્રી અશ્વિન વ્યાસ અને શ્રીમતિ ભાવનાબા વાઘેલા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. કાઉન્સીલર શ્રી પ્રવિણભાઈ પટેલ આ સોસાયટીના રહીશ હોવાથી તેમણે બે વૃક્ષ દત્તક લીધા હતા. આ પ્રસંગે શ્રી એમ.એમ. પટેલ, શ્રી આત્મારામભાઈ વાળંદ, શ્રી રમેશભાઈ પટેલ, શ્રી રમેશભાઈ ચૌધરી, શ્રી મહેન્દ્રભાઈ પટેલ (આર.એફ.ડી), શ્રી ઠાકોરભાઈ, શ્રી પ્રવિણસિંહ, શ્રી બળદેવભાઈ એમ. પટેલ, શ્રી ત્રિવેદીભાઈ સહિતના અગ્રણીઓ તેમજ મહિલાઓ અને બાળકો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

# પી.એસ.આઈ.ની પરીક્ષામાં સામાન્ય જ્ઞાન અને કાયદાનું પેપર સરળ નીકળતાં પરીક્ષાર્થીઓ ખુશ

ગાંધીનગર, તા.૨૬

પોલીસ ભરતી બોર્ડ દ્વારા રાજયમાં પોલીસ સબ ઈન્સ્પેકટરોની ભરતીને અનુલક્ષીને ગુજરાતી અને અંગ્રેજી વિષયની લેખિત પરીક્ષા બાદ આજે અન્ય બે વિષય સામાન્ય જ્ઞાન અને કાયદાની લેખિત પરીક્ષા લેવામાં આવી હતી. જેમાં બંને પેપરો સરળ નિકળતા ઉમેદવારો એ હાશકારો અનુભવ્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર રાજયભરમાં ૫૫૦ પોલીસ સબ ઈન્સ્પેકટરોની જગ્યા ભરવા પોલીસ ભરતી બોર્ડ દ્વારા હેતુલક્ષી પ્રશ્નોવાળી લેખિત પરીક્ષા તા. ૨૫ અને ૨૬ દરમિયાન યોજાઈ હતી. ગત રોજ ગુજરાતી અને અંગ્રેજી વિષય બાદ આજે સામાન્ય જ્ઞાન અને કાયદા વિષયની પરીક્ષામાં બંને પેપર સરળ નીકળતા પરીક્ષાર્થી હળવામૂડમાં જણાતા હતા. આજે લેવાયેલ બે પેપરો પૈકી સામાન્યજ્ઞાન વિષયના પેપરમાં વર્તમાન પ્રવાહો, ચર્ચિત મુદ્દાઓ અને આંતરરાષ્ટ્રીય બાબતોને લગતા પ્રશ્નો સાથે સામાન્ય જ્ઞાનના પ્રશ્નો પુછવામાં આવ્યા હતા. જયારે કાયદાના પેપરમાં ગુજરાત પોલીસ એકટ, મોટર વ્હીકલ એકટ, પ્રોહીબીશન એકટ, સી.આર.પી.સી. અને એસ.સી.એસ.ટી. સેલની વિવિધ કલમો વિશે પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા. એકંદરે આજે બંને પેપરો સરળ પુછાતા પરીક્ષાર્થીઓ થોડા ખુશ જણાતા હતા. હવે જોવાનું એ રહેશે કે આજની ખુશી તેમની કારકિર્દીની ખુશી બનશે?

### મિલકત વેરો નહીં ભરવા વસાહતીઓ મક્કમ

# જયાં સુધી રીસર્વે ન થાય ત્યાં સુધી વસાહતીઓ મિલકત વેરો નહીં ભરે

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર મહાનગર-પાલિકાની રચના થયા બાદ મિલકતવેરાનો પ્રશ્ન ગંભીર બનતો જાય છે. વસાહતીઓની સમસ્યાઓનો ઉકેલ ન આવે અને રીસર્વેની કામગીરી ન થાય ત્યાં સુધી મિલ્કત વેરો નહિં ભરવા વસાહતીઓ મકકમ બન્યા છે. તાજેતરમાં ગાંધીનગર વિકાસ પરિષદની યોજાયેલી બેઠકમાં વસાહતીઓએ આ અંગે ઉગ્ર રજુઆત કરી હતી.

ગાંધીનગર વિકાસ પરિષદ દ્વારા યોજવામાં આવેલ સભામાં લગભગ તમામ સેકટરોના પ્રતિનિધિઓ તેમજ સ્વૈચ્છિક સંસ્થાઓના આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. શ્રી લવજીભાઈ વાડીઆએ ગત બેઠકમાં લેવાયેલ નિર્ણયો પ્રમાણે મહાનગરપાલિકાના સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનશ્રી અને કમિશ્નરશ્રીને આવેદનપત્ર આપવા ગયેલા તે અંગેની સઘળી વિગતો અને સત્તાવાળાઓના પ્રતિભાવો અંગેની હકીકતોની જાણકારી આપી હતી તે વખતે સંસ્થાના હોદ્દેદારો દ્વારા મિલકત વેરાના પ્રશ્નો ખૂબ મોટા પ્રમાણોની ગરબડો તરફ ધ્યાન દોરીને વૈજ્ઞાનિક ધોરણે તજજ્ઞો દ્વારા રિસર્વે કરાવાની અને તે દરમિયાન વસૂલાત મોકુફ રાખવાની આધાર પૂરાવાઓ સાથે રજુઆતો કરી હતી. નાગરિકોએ મિલકતવેરાના પ્રશ્ને ગંભીર અનિયમિતતાઓ તેમજ વાંધા અરજીઓના પ્રશ્ને પણ નિંભર તેમજ માનવતારહિત અભિગમ અંગેની રજૂઆત કરી હતી. જયાં સુધી તજજ્ઞો દ્વારા રીસર્વે ના થાય ત્યાં સુધી મિલકત વેરો નહીં ભરવાનો અભિગમ અખત્યાર કરવામાં આવ્યો હતો. મહાનગરપાલિકાના શાસક પક્ષ દ્વારા મહાનગરપાલિકાની ચૂંટણી પહેલાં પ્રોપર્ટી ટેક્ષના પ્રશ્ને ટેક્ષ વેકેશન આપવામાં આવશે તેવા ચૂંટણી ઢંઢેરા સહિત લોકોને વચનો આપવામાં આવ્યા હતા, તેનાથી તદન વિરૂધ્ધમાં ચૂંટાયા પછી વર્તન કરવા બદલ હાજર તમામ દ્વારા અત્યંત આક્રોશપૂર્ણ રજુઆતો કરવામાં આવી હતી અને શાસક પક્ષના તેવા કથનો અને કરણીને લોકોની છેતરપીંડી ગણવામાં આવી હતી તેમજ તેવા રાજકારણીઓના હવે પછીના ખોટા વચનોમાં નહિં ફસાવવાની પણ લોકોને અપીલ કરવાના સૂચન કરવામાં આવ્યા હતા. ચર્ચા વિચારણાને અંતે સેકટરોના પ્રતિનિધિઓ સ્વરૂપે સર્વશ્રી લવજીભાઈ વાડીઆ, અરૂણભાઈ બુચ, જયંતભાઈ ભટ્ટ, શ્રી રાજેન્દ્રભાઈ પારેખ ઉપરાંત આઠ

● અનુસંધાન પાના - ૭ પર

# સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા ટેલેન્ટ ઈવનીંગ-૨૦૧૨ યોજાશે

### બ્રહ્મબંધુઓએ ૩૦મી સુધી ફોર્મ જમા કરાવવા

ગાંધીનગર, તા.૨૬

સમસ્ત બ્રહ્મ સમાજ, ગાંધીનગરના મંત્રી નરેશભાઈ દવેએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, બ્રહ્મસમાજ પરિવારના તથા પરિવારજનોનાં બાળકો માટે ગીત સંગીતના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે, જેનાં ફોર્મ ૩૦મી ઓગષ્ટ સુધી જે તે ઉમેદવારે મેળવી લેવા અને ભરીને પરત કરી દેવા.

બ્રહ્મસમાજ પરિવારના સ્વજનો માટે અને બાળકો માટે તા. ૧૯મી સપ્ટેમ્બર ૨૦૧૨ના રોજ ગીત સંગીતનો કાર્યક્રમ 'ટેલેંટ ઈવનીંગ-૨૦૧૨' યોજાશે. ગીત સંગીતના આ કાર્યક્રમમાં ડાન્સ અને ગીતોનો સમાવેશ કરવામાં આવ્યો છે. બાળકો અને સ્વજનો ગીત સંગીતના આ કાર્યક્રમમાં ભાગ લઈ શકશે. ટેલેંટ ઈવનીંગ ૨૦૧૨ના ગીત સંગીતના કાર્યક્રમમાં ભાગ લેવા ઈચ્છતા બ્રહ્મબંધુ પરિવારે સેકટર-૧૬માં બ્રહ્મભવન ખાતેથી ૨૦રૂ. આપીને ફોર્મ મેળવી લેવું. ફોર્મમાં માંગેલી જરૂરી વિગતો ભરીને ઉમેદવારે તે ફોર્મ ૩૦મી ઓગષ્ટ ૨૦૧૨ સુધીમાં પહોંચતું કરવાનું રહેશે.

# આજે જીયારત

મરહુમ હાજી મહેબુબખાન અવેજખાન પોલાદી સિદ્ધપુરવાળા-૪૦-માની જીયારત આવતીકાલે તા. ૨૭મી ઓગષ્ટ-૨૦૧૨ને સોમવારે સવારે ૧૦ કલાકે સેકટર-૭ની વાડીમાં રાખવામાં આવી છે.

ગાંધીનગરના સેકટર-૭માં આવેલી વાડીમાં મરહુમ મહેબુબખાન અવેજખાન પોલાદીની જીયારત સવારે ૧૦ કલાકે રાખવામાં આવી છે. જેની સૌએ નોંધ લેવી.

# બ્રહ્મબંધુઓ માટે ૩૦મીએ ડબ્બા પાર્ટી યોજાશે

ગાંધીનગર, તા. ૨૬

શ્રી રાજગોર બ્રાહ્મણ સેવા મંડળ ગાંધીનગર દ્વારા અધિક માસને ધ્યાને લઈ સત્સંગ અને વાર્તાલાપ માટે તા. ૩૦મી ઓગષ્ટ-૨૦૧૨ને ગુરૂવારે બપોરે ૧૨.૩૦ થી ૨.૩૦ કલાક દરમિયાન સેક્ટર-૨૮ના બગીચામાં 'ડબ્બા પાર્ટી'ના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ભાગ લેવા પ્રમુખ લીનાબેન મહેતાએ સર્વે બંધુજનોને ખાસ જણાવ્યું છે.

# સિનિયર સિટીઝન્સ કાઉન્સિલ દ્વારા દેશભક્તિ ગીત સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગરના સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ દ્વારા તાજેતરમાં પ્રજાસત્તાક પર્વ નિમિત્તે દેશભક્તિ ગીતોની સ્પર્ધા અંધશાળા, સેક્ટર-૧૬, ગાંધીનગર ખાતે યોજવામાં આવી હતી.

અંધશાળાના બાળકોના ગ્રુપ-એ અને ગ્રુપ-બી પાડી સમગ્ર દેશભક્તિ ગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર સ્પર્ધામાં પ્રથમ અને દ્વિતીય ક્રમ મેળવનાર બાળકોને સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ દ્વારા ઈનામ આપવામાં આવ્યા હતા. તથા ભાગ લેનાર તમામને બોલપેન આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે બાળકોને નાસ્તો અને ચોકલેટનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું. મહિલા કન્વીનર મીનાબેન શાહે સિ.સિ.કાની. પ્રવૃત્તિ તથા દેશભક્તિ સ્પર્ધાની સંપૂર્ણ વિગતો આપી હતી. સ્પર્ધામાં નિર્ણાયક તરીકે શર્મિષ્ઠાબેન દવેએ સેવા આપી હતી અને ઈનામ વિતરણ કોકીલાબેન ત્રિવેદી, ગીરાબેન પટેલ અને જશુબેન ઠક્કરના હસ્તે કરવામાં આવ્યું છે.

# અન્ડર-૧૯ વર્લ્ડ ચેમ્પીયનશીપમાં ભારતીય ટીમના વિજય માટે મુખ્યમંત્રી-જીસીએ પ્રમુખશ્રીના અભિનંદન

ગાંધીનગર, તા.૨૬

મુખ્યમંત્રીશ્રી અને ગુજરાત ક્રિકેટ એસોસીએશનનાં પ્રમુખશ્રી નરેન્દ્રભાઈ મોદીએ અંડર-૧૯ વર્લ્ડ ક્રિકેટ ચેમ્પીયનશીપમાં ભારતીય ટીમના વિજયને વધાવતાં સમગ્ર ટીમને અભિનંદન પાઠવ્યા છે.

શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આ ક્રિકેટ ટીમમાં વિકેટકીપર તરીકે રમી રહેલા અમદાવાદના સ્મિત પટેલને પણ તેના ઉત્કૃષ્ઠ દેખાવ બદલ અભિનંદન આપ્યાં છે.

# ડેમોક્રેટિક પીપલ્સ એસોસિએશનની કારોબારી બેઠક યોજવામાં આવી

ગાંધીનગર, તા.૨૬

ડેમોક્રેટિક પીપલ્સ એસોસિએશન ગુજરાત, ગાંધીનગરની કારોબારીની બેઠક તાજેતરમાં યોજવામાં આવી હતી. જેમાં અગાઉની બેઠકની કાર્યવાહીની નોંધ રજૂ કરી તેને બહાલી આપવામાં આવી હતી તથા અનુસૂચિત જાતિની કન્યાઓને બધા જ સ્તરે ટયુશનફીમાંથી મુકિત આપવા ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

અનુસૂચિત જાતિની કન્યાઓને બધા જ સ્તરે ટયુશનફીમાંથી મુકિત આપવા બાબતે ચર્ચા વિચારણા બાદ મંત્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગને તથા ગાંધીનગર મુકિતધામ ખાતે સંત રવિદાસ અને શહીદવીર મેઘમાયાની મૂર્તિઓ તાત્કાલિક મુકવા બાબતે મંત્રી, શહેરી વિકાસ વિભાગને સર્વે પદાધિકારીઓ અને કારોબારી સભ્યોએ રૂબરૂ મળવાનું નક્કી કરવામાં આવ્યું. રાજયની વસતિ અનુસાર મળવાપાત્ર અનામત જગ્યાઓ બાબતની પણ રજૂઆત કરવા ચર્ચા વિચારણા થઈ હતી.

સંસ્થાના સંગઠન મંત્રી શંકરભાઈ ચૌહાણે રાજીનામું આપતા તેઓની સેવાઓની નોંધ લઈ આભાર વ્યકત કરવામાં આવ્યો હતો. તથા આર.ટી.આઈ. બાબતની કામગીરી પ્રેમજીભાઈ રાઠોડને સોંપવામાં આવી હતી. પ્રમુખ ભાનુકાન્ત પરમારના ૮૬મા જન્મદિન નિમિત્તે તેમને શુભકામના અને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. આભાર દર્શન સોમાભાઈ પરમારે કર્યું હતું.






પેન્શનર્સ સમાજ, સૅક્ટર-૧ દ્વારા તેજસ્વી વિદ્યાર્થીઓના સન્માનનો એક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જે અંતર્ગત અભ્યાસ અને અભ્યાસેતર પ્રવૃત્તિઓમાં અગ્રીમ દેખાવ કરનારા વિદ્યાર્થીઓને સન્માનવામાં આવ્યા હતા. (તસવીર : દિપક જાની)

# કાયદો-સુરક્ષાને લગતી બાબતો અંગે વસાહતીઓની ઉચ્ચસ્તરે રજૂઆત

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર રાજ્યનું પાટનગર હોવાથી કાયદો અને સુરક્ષાની બાબત અત્યંત ચિવટભરી હોવી જોઈએ. કાયદો અને સુરક્ષાને લગતા સ્થાનિક પ્રશ્નો બાબતે જિલ્લા પોલીસ અધિક્ષક અને જનસામાન્ય પ્રશ્નો બાબતે ઉચ્ચસ્તરે રજૂઆત ગાંધીનગર જાગૃત નાગરિક પરિષદે કરી છે. રજુઆતમાં જણાવાયું છે કે, પાટનગરમાં ખાસ કરીને અત્યંત ભીડભાડવાળા વિસ્તારોમાં વાસ્તવિકતા ઉપર આધારિત વૈજ્ઞાનિક ઢબની અધિકૃત વાહન પાર્કિંગ વ્યવસ્થા સમયની માંગ પ્રમાણે સત્વરે ઊભી કરીને તેનો ચૂસ્ત અમલ કરાવવાની અનિવાર્યતા છે. નો-પાર્કિંગના બોર્ડ મુકવા માત્રથી વાહન પાર્કિંગના યક્ષ પ્રશ્નનો સૂખદ ઉકેલ શક્ય નથી. મૂળભૂત પાયાની વૈજ્ઞાનિક ઢબની અધિકૃત વાહન પાર્કિંગ વ્યવસ્થાનો 'નો-પાર્કિંગ. વિકલ્ હોઈ શકે નહી, પરંતુ તે પૂરક બની શકે છે, જરૂર જણાય તો અધિકૃત વાહન પાર્કિંગની સેવા 'સર્વિસ ચાર્જ' આધારિત પણ આપી શકાય છે.

રાત્રી પેટ્રોલિંગને નિયમિત અને ગતિશીલ બનાવવાની જરૂરીયાત છે. રાત્રી-પેટ્રોલિંગ ઉપર કેન્દ્રસ્થ વ્યવસ્થા પદ્ધતિ કંટ્રોલ રૂમમાંથી નિયંત્રણ કરવાનું ભૂતકાળમાં સ્વીકારાયું હતું. તે સિસ્ટમ કાર્યરત ન હોય તો તે કાર્યરત કરવાનું ઉપયોગી પૂરવાર થશે.

પાટનગરમાંની ઝૂંપડપટ્ટીઓનો રાફડો ટાળી ન શકાય તેવો ઉપદ્રવ છે તે હકીકતનો સ્વીકાર કરીને ટૂંકા સમયાંતરે નિયમિતરીતે તમામ ઝુંપડાઓની ઝીણવટથી રાત્રી તપાસ કરાવતા રહેવાના કાયમી આયોજનની અનિવાર્યતા છે, જેથી ઝુંપડાઓ અસામાજિક તત્વોના અડ્ડાઓ બની શકે નહી.

પાટનગરમાં અકસ્માતોને ડામવા માટે વાહનોની ગતિમર્યાદાના બોર્ડઝ મુકાવીને તેની ચૂસ્ત અમલવારી કરાવવા ઉપરાંત વૈજ્ઞાનિક ધોરણે મુખ્ય માર્ગો ઉપર ગતિઅવરોધકની પૂરી પાકી વ્યવસ્થા કરાવવાની અનિવાર્યતા છે.

પાટનગરમાં રીક્ષાભાડાના પ્રશ્ને ઉઘાડી લૂંટ ચાલતી હોવાની લોકોની ફરિયાદો છે. આર.ટી.ઓ.નો સહયોગ મેળવી મીટર પ્રમાણે જ રીક્ષાભાડુ લેવાય અને મહત્વના રીક્ષા સ્ટેન્ડો ઉપર રીક્ષા ભાડાના અધિકૃત બોર્ડઝ મુકવામાં આવે તેવા નિયંત્રણ અને વ્યવસ્થાપનની અનિવાર્યતા જણાય છે.

પોલીસ તંત્રને તેની કાયદેસરની ફરજો બજાવવામાં સ્વતંત્રતા-સ્વાયત્તતા બક્ષવામાં આવે અને રાજકીય દખલગીરીને નામશેષ કરવામાં આવે.

પોલીસ અધિકારીઓ-કર્મચારીઓની બઢતી-બદલીઓ માટે અલગ સ્વતંત્ર સ્વાયત્ત વ્યવસ્થાપન ઉભું કરવામાં આવે.

પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ વિરૂદ્ધની ફરિયાદોને લગતી કામગીરી રાજ્ય સરકાર હસ્તક રહ્યા પછી પણ તેના ઉપર કાનૂની પૂરાવાઓને આધારે આખરી નિર્ણયની સત્તાસૂચિત સ્વતંત્રતા-સ્વાયત્ત વ્યવસ્થાપનને સોંપવામાં આવે.

બાતમી તંત્રને વ્યવસ્થાપનનું અણમાનીતું-ઉપેક્ષાયૂક્ત અંગ માનવાને બદલે માનીતું-મૂલ્યવાન અંગ માનીને લાયકાતની કપરી કસોટીમાંથી સફળ થયેલાને જ ઊંચા પગારભથ્થાં અને અન્ય પ્રોત્સાહનો આપીને તંત્રને અત્યંત સબળ અને સમૃદ્ધ બનાવવાની અનિવાર્યતા છે.

પોલીસ ખાતાએ સ્વૈચ્છિક સેવાભાવી સંસ્થાઓ તેમજ આમજનતાને સાથે રાખીને વર્ષમાં ઓછામાં ઓછા બે સામાજિક-સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવું જોઈએ, જેથી પોલીસ અને પ્રજા વચ્ચેના સંબંધો ગાઢ બની શકે અને બાતમી તંત્રને પણ આશીર્વાદરૂપ નિવડી શકે.

જિલ્લા પોલીસ વડાએ ત્રિમાસિક અથવા છમાસિક ધોરણે પાટનગરમાંની સ્વૈચ્છિક સેવાભાવી સંસ્થાઓના અદ્યતન આગેવાનોની નિયમિત મિટીંગો બોલાવીને પોલીસ ખાતાને વધારે સમૃદ્ધ બનાવવાના મુદ્દાઓની ચર્ચાઓનું આદાન-પ્રદાન કરવું જોઈએ.

પોલીસતંત્રના વહીવટ અને વ્યવહારમાં પરિવર્તનની જરૂરીયાત રહે છે. વિધાનસભામાં અધ્યક્ષની હકૂમત હેઠળ સુરક્ષા/પોલીસદળ છે અને તે વિધાનસભા સંકુલની સુરક્ષાની તમામ જવાબદારી અધ્યક્ષશ્રીના નિયંત્રણમાં નિભાવે છે. તે જ પ્રમાણે સચિવાલયને પોતાનું સ્વતંત્ર પોલીસ દળ હોવું જોઈએ, જે ગૃહસચિવશ્રીની સીધી હકુમત હેઠળ કાર્યરત હોય. આવા સૂરક્ષાદળનું કાર્યક્ષેત્ર સંપૂર્ણ સચિવાલય, રાજભવન, મંત્રીશ્રીઓના નિવાસો તેમજ મંત્રીશ્રીઓના અંગરક્ષણનું હોવું જોઈએ. આ માટે જરૂરી અલગ મહેકમ હોવું જોઈએ અને તેટલા પ્રમાણમાં નિયમિત જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી ઉપરથી બોજો હળવો કરવો જોઈએ. આવું કરવાથી હાલમાં સચિવાલય અને વીવીઆઈપી, વીઆઈપી માટેની સલામતીની વ્યવસ્થામાં તેમજ સચિવાલયના પ્રવેશદ્વારો ઉપરની પોલીસ વ્યવસ્થામાં પાટનગરમાંના તેમજ જિલ્લામાના અન્ય પોલીસ સ્ટેશનોમાંથી પોલીસના માણસોની વધારાની સેવાઓ અનૌપચારિક રીતે લેવામાં આવે છે અને સ્થાનિક ક્ષેત્રીય પોલીસ સેવાઓથી સ્થાનિક લોકોને વંચિત રહેવું પડે છે તેવી વ્યવસ્થાને નિવારી શકાશે.

ગાંધીનગરમાં મહાત્મા મંદિર કોન્વોકેશન સુવિધા ઉભી થતાં રાજ્ય, રાષ્ટ્ર અને આંતરરાષ્ટ્રીય કક્ષાના સેમીનારો,સમારંભો મોટા પ્રમાણમાં આયોજિત થઈ રહ્યા છે અને તેને પ્રોત્સાહન આપવાની રાજય સરકારની નીતિ પણ છે. આ સંજોગોમાં પાટનગરમાં આવતા તેવા વિશિષ્ટ મહાનુભાવોની સુરક્ષા, પોલીસ માટે પૂરતા સ્ટાફના અભાવે અત્યંત વિકટ બની જાય છે તેને ધ્યાનમાં લઈને આ ખાસ વિશિષ્ટ પરિસ્થિતિ માટે જિલ્લા પોલીસ વડાની હકૂમત હેઠળ આ હેતુ માટેનું અલાયદું સ્વતંત્ર વિશેષ પોલીસ દળ મંજુર કરીને ઉભું કરવું જોઈએ, તેવી લોકોની લાગણી છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૨૦
સૂર્યાસ્ત : ૭.૦૫

## તાપમાન

મહત્તમ : ૩૦.૫ ડિ.સે.
લઘુત્તમ : ૨૫.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૮૪ ટકા ● સાંજે ૬૯ ટકા

## મનોરંજન

### સિટી પલ્સ

: સ્ક્રીન-૧ :
એક થા ટાઈગર : ૯.૩૦, ૧૨.૦૦, ૨.૩૦, ૫.૧૫, ૭.૪૫, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ : ધ એક્ષપન્ડેબલ-૨ (હિન્હી) : ૧૦.૩૦, ૩.૦૦
ધ એક્ષપન્ડેબલ-૨ (અંગ્રેજી) : ૮.૦૦
શીરીન ફરાહદ કી તો નિકલ પડી : ૧૨.૩૦, ૫.૩૦, ૧૦.૧૫

: સ્ક્રીન-૩ :
ધ એક્ષપન્ડેબલ-૨ (હિન્હી) : ૧૨.૩૦, ૫.૩૦, ૧૦.૩૦
શીરીન ફરાહદ કી તો નિકલ પડી : ૩.૧૫, ૮.૧૫

: સ્ક્રીન-૪ : એક થા ટાઈગર : ૧૦.૦૦, ૪.૩૦
શીરીન ફરહાદ કી તો નિકલ પડી : ૨.૩૦, ૭.૩૦
ગેન્સ ઓફ વાસેપુર -૨ : ૧૦.૦૦

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
ધ એક્ષપન્ડેબલ-૨ (હિન્હી) : ૧૦.૪૫, ૧.૧૫, ૩.૪૫, ૬.૧૫, ૮.૪૫, ૧૧.૦૦

: સ્ક્રીન-૨ :
શીરીન ફરાહદ કી તો નિકલ પડી : ૧૦.૩૦, ૧.૦૦, ૩.૩૦, ૬.૦૦, ૮.૩૦, ૧૦.૪૫

: સ્ક્રીન-૩ :
એક થા ટાઈગર : ૧૦.૦૦, ૧૨.૩૦, ૩.૦૦, ૫.૩૦, ૮.૦૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૪ :
એક થા ટાઈગર : ૯.૦૦, ૧૧.૩૦, ૨.૦૦, ૪.૩૦, ૭.૦૦, ૯.૩૦

### સૂર્યા, વાવોલ

એક થા ટાઈગર : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
ઈન્સ્પેક્ટર અર્જુન : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
એક થા ટાઈગર : ૧૦.૩૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૧૦

: સ્ક્રીન-૨ :
એક થા ટાઈગર : ૧૨.૧૫, ૩.૦૦, ૬.૦૦, ૯.૩૦

: સ્ક્રીન-૩ :
શીરીન ફરાહદ કી નિકલ પડી : ૧૦.૩૦,૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.,

### ધાર્મિક

- પુરૂષોત્તમ માસ નિમિત્તે શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી, સેકટર-૨૧,ખાતે હિંડોળામાં જલમહેલ અને શૃંગારમાં ચાંદીના પલના.
- શ્રી રામજી મંદિર વાવોલ દ્વારા અધિક પુરૂષોતમ માસ નિમિતે પ.પૂ. મહંત મધુસુદન બાપુના વ્યાસપીઠેથી અધિક પુરૂષોતમ માસની કથા તથા શ્રી કૃષ્ણ કથા બપોરે ૩.૩૦ કલાકે.

## આપની આજ

**મેષ** : આપની સંતોષ અને પ્રસન્નતા બની રહેશે. સંતાનની પ્રગતિકારક સમાચાર પ્રાપ્ત થઈ શકશે. પૂર્વ કર્મનું સફળ થશે. કુટુંબમાં ઉન્નતિ થશે.

**વૃષભ** : આપની આર્થિક સ્થિતિ સદ્ધર બનતી જણાય. સામાજિક અને રાજકીયક્ષેત્રમાં યશ, પ્રતિષ્ઠા, સન્માનમાં વધારો થઈ શકશે. ધર્મ આધ્યાત્મ તરફ ઝોકની વૃત્તિને કારણે માનસિક શાંતિ બની રહેશે. વધુ ખર્ચ ન થાય તેની તકેદારી રાખવી.

**મિથુન** : કૌટુંબિક સભ્યો સાથે તનાવ ભર્યો માહોલ ઉભો ન થાય તેની તકેદારી રાખવી. આપના પ્રબળ આત્મવિશ્વાસ અને દૃઢ નિશ્ચયથી મુશ્કેલ કાર્યોનો પણ ઉકેલ આવી શકે છે. જીવનસાથી સાથે સુખ-શાંતિ જળવાઈ રહેશે.

**કર્ક** : નવા સંબંધો રચાશે. સત્સંગમાં ભાગ લેવાનું થઈ શકે છે. ઘરમાં મહેમાન આવવાની સંભાવનાઓ છે. વ્યાપાર-વ્યવસાય મધ્યમ રહેશે.

**સિંહ** : આપની જનકલ્યાણની ભાવનાને કારણે પ્રતિષ્ઠામાં વધારો થઈ શકશે. અધિકારી વર્ગને પ્રચાર કાર્યોથી લાભ થવાની શક્યતાઓ છે.

**કન્યા** : આપના કાર્યમાં કરેલા કામની સફળતામાં સંદેહ રહેશે. અંધશ્રદ્ધાઓથી દૂર રહીને, સાહસ અને પરાક્રમમાં વૃદ્ધિ કરીને પ્રાપ્ત તકોનો લાભ લેવો.

**તુલા** : કાર્ય અને સ્થાન પરિવર્તનથી અસ્થિરતા આવી શકે છે. તમારી ઈચ્છાઓ અને મહત્વકાંક્ષાઓ પૂરી થઈ શકશે. નાણાં રોકાણથી લાભ થવાની સંભાવના છે.

**વૃશ્ચિક** : કર્મક્ષેત્ર સંબંધી સમસ્યાઓના નિરાકરણ હેતુ યાત્રા અને ભાગદોડ વધુ થશે. વિવાદિત કાર્યોમાં સંયમ રાખવો. આરોગ્ય પ્રતિ સતર્ક રહેવું. પોતાની કોઈ ભૂલથી વિરોધીઓ હાવી ન થાય તેની કાળજી રાખવી.

**ધન** : ધર્મ આધ્યાત્મિક વ્યક્તિત્વવાળા લોકો માટે સન્માન, લોકપ્રિયતામાં વૃદ્ધિના કાર્યો થઈ શકશે. વડીલો, ગુરુઓની કૃપા પ્રાપ્ત થશે.

**મકર** : વહીવટના ક્ષેત્રોમાં ઉચ્ચસ્તરીય, કુટુંબમાં માંગલિક કાર્યોનું આયોજન થઈ શકે છે. ધર્મ, આધ્યાત્મ, જ્ઞાન વૃદ્ધિના કાર્યોમાં સમય પસાર થશે.

**કુંભ** : ધૈર્ય અને સંયમ રાખવો જરૂરી છે. યોજનાનુસાર કાર્ય કરવાથી લાભ પ્રાપ્તિ થઈ શકશે. વ્યક્તિગત સમસ્યાઓ રહી શકે છે. વેપાર- વ્યવસાયમાં પ્રગતિકારક સમય બની રહેશે.

**મીન** : આપની દૂરદર્શિતા તેમજ બુદ્ધિચાતુર્યથી મુશ્કેલીઓ દૂર થઈ શકે છે. વ્યાપાર -વ્યવસાયમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. ઈશ્વરમાં આસ્થા વધશે.